૨૪૬ શેલ કંપની કરી ઊભી હતી

૮૦૦૦ કરોડના GST કૌભાંડનો માસ્ટરમાઇન્ડ સુરતથી ઝડપાયો

● સુરત, તા.૨૮

પુણેમાં જીએસટી વિભાગની તપાસમાં ૨૪૬ શેલ કંપનીઓ ઊભી કરી ખોટી રીતે ઈનપૂટ ટેક્સ ક્રેડિટ લેવાનું ૮૦૦૦ કરોડ રૂપિયાનું જીએસટી કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. એક ઓટો ડ્રાઈવરના નામે નોંધાયેલી બંનાવટી કંપનીની તપાસનો રેલો મુંબઈ, રાજકોટ અને ભાવનગર પણ પહોંચ્યો છે. તેના માસ્ટર માઈન્ડ તરીકે સુરતમાં રહેતા અશરફ ઈબ્રાહિમ કાલાવડિયાની અગાઉ જ ધરપકડ થઈ ચૂકી છે. હવે આ કૌભાંડમાં જ્જી ઈન્ટેલિજન્સની ટીમે ઔપચારિક ફરિયાદ દાખલ કરી છે.સુરતમાં રહેતા અશરફ ઈબ્રાહિમ કાલાવડિયાએ ૨૪૬ બનાવટી કંપનીઓ ખોલી અન્ય આરોપીઓ સાથે મળી અધધધ ૮ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું. આ બાબતે ડીજીજીઆઈ પૂણે ઝોનલ યુનિટના અધિકારી રુષિ પ્રકાશે પૂણેના કોરેગાવ પાર્ક પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે એફઆઈઆર નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ સમગ્ર કૌભાંડના મુખ્ય આરોપી અશરફભાઈ કાલાવડિયા સહિત પોલીસે નીતિન બારગે, ફૈઝલ મેવાલાલ, નિઝામુદ્દીન ખાન, અમિત તેજબહાદુર સિંહા, રાહુલ બારૈયા, કૌશિક મકવાણા, જીતેન્દ્ર ગોહેલ અને અન્યો સામે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૫,૪૬૭, ૪૭૧,૧૨૦ (બી) ૩૪ અને આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.આ બાબતે નોંધાયેલ એફઆઈઆર અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩માં ડીજીજીઆઈની ટીમને પૂણે-સોલાપુર હાઈવે પર ગિરણી- શેવાળવાડી સ્થિત પઠાણ એન્ટરપ્રાઈઝીસ નામની કંપનીના અમૂક શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન મળી આવ્યા હતા. આ બાબતની તપાસમાં ડીજીજીઆઈના અધિકારીઓને જાણવા મળ્યું હતું કે, આ પ્રકારની કોઈ કંપની ઉપર જણાવેલ સ્થળ પર અથવા અન્ય કોઈ સ્થળે અસ્તિત્વમાં જ નથી.આ બાબતે વધુ તપાસ કરતા એવું બહાર આવ્યું હતું કે આ પ્રકારની એક કંપની ગુજરાતના ભાવનગરમાં પઠાણ શબ્બીરખાન અનવર ખાનના નામે નોંધાયેલી છે જ્યારે ડીજીજીઆઈની ટીમે આ બાબતે વધુ તપાસ કરી ત્યારે ખાન પણ ઓટોરિક્ષા ચાલક હોવાનું બહાર આવ્યું હતું. ખાનની આ બાબતે વધુ પૂછપરછ કરતાં તેને ખૂબ જ આશ્ચર્ય થયું હતું અને તેણે તેના નામે આવી કોઈ કંપની રજિસ્ટર ન હોવાનું જણાવ્યું હતું અને આ બાબતે સંપૂર્ણ અજ્ઞાનતા દર્શાવી હતી.આ વાતથી ચોંકી ઉઠેલા ડીજીજીઆઈના અધિકારીઓએ પઠાણ એન્ટરપ્રાઈઝીસ સહિત આ તમામ બનાવટી કંપનીઓ રજિસ્ટર કરવા વપરાયેલ એક વિશિષ્ટ મોબાઈલ નંબર અને ઈ-મેલ એડ્રેસની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન તપાસ કર્તા ટીમના સ્કેનર રાજકોટમાં આઈસીઆઈસીઆઈ બેન્કમાં ખાતુ ધરાવતી જીત કુકડિયા નામની વ્યક્તિ આવી ગઈ હતી. જો કે અહીં વધુ તપાસ કરતા કુકડિયા ખાનગી સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરતો હોવાનું સ્પષ્ટ થયું હતું. પણ કુકડિયાએ આરોપી કૌશિક મકવાણા અને જીતેન્દ્ર ગોહેલ માટે ખાતુ ખોલી આપ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું.

ભૂતનાથ મહારાજના પાટોત્સવની તૈયારી

નડિયાદના નાના કુંભનાથ રોડ પર આવેલા પૌરાણિક મંદિરમાં કાળી ચૌદસના દિવસની ધામધૂમપૂર્વક ઉજવણી થશે

● નડિયાદ

નડિયાદમાં નાના કુંભનાથ રોડ પર મુક્તિધામની બાજુમાં ભુતનાથ મહારાજનું મંદિર આવેલ છે. કાળીચૌદસના દિવસે અહીંયા ભુતનાથ મહારાજનો પાટોત્સવ પારંપરિક રીતે મનાવવામાં આવે છે. દર વર્ષે આ પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આગામી કાળીચૌદસના દિવસે આ પાટોત્સવની દબાદાભેર ઉજવણી કરવામાં આવનાર છે. ખાસ આ દિવસે સંપૂર્ણ મંદિરને જુદાજુદા ફુલોથી શણગારવામાં આવે છે. અંદાજે ૭૦ મણ ફુલોનો શણગાર સાથે સાથે સુંદર રોશનીથી મંદિર સજી ઉઠશે.નડિયાદમાં નાના કુંભનાથ રોડ પર ભુતનાથ મહારાજનું પ્રાચિન મંદિર આવેલ છે. આ મંદિરમાં ભુતનાથ મહારાજ સાક્ષત બિરાજમાન છે. ભુતનાથ મહારાજ દરેકના ધાર્યા કામ કરે છે. ધંધા, રોજગાર માટેની માનતાઓ, વિઝાનું કામ અટકી ગયુ હોય જેવી માનતાઓ ભક્તો આસ્થા સાથે રાખે છે અને આ મનોકામના પૂર્ણ થયે દાદાને ચવાણું, પેંડાનો ભોગ પણ ભક્તો દ્વારા લગાવવામાં આવે છે. ખાસ કાળીચૌદસના દિવસે અહીંયા ભુતનાથ મહારાજનો જન્મ પાટોત્સવ દર વર્ષે ઉજવાય છે.આ વર્ષે પણ આ પાટોત્સવની દબાદાભેર ઉજવણી કરવાનું આયોજન મંદિરના મહંત કાર્તિક બાબાના માર્ગદર્શન હેઠળ થનાર છે.

રાજકોટમાં વેકેશનમાં દારૂની મહેફિલ માણતાં વિદ્યાર્થીઓ ઝડપાયા, ૯ તો સગીર હતા

● રાજકોટ,તા.૨૮

જિલ્લાના ગોંડલ તાલુકામાંથી એક ચોંકાવનારો અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામ ખાતે રવિવારના રોજ વહેલી સવારે રાજકોટ રૂરલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા વિનુભાઈ ખૂંટ નામના વ્યક્તિના ફાર્મ હાઉસમાં દરોડો પાડી દારૂની મહેફિલ માણી રહેલા સ્કુલ કોલેજના વિદ્યાર્થીઓને ઝડપી પાડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ દ્વારા કુલ ૧૪ જેટલા વિદ્યાર્થીઓને ઝડપી પાડવામાં આવ્યા છે જે પૈકી નવ જેટલા વિદ્યાર્થીઓ સગીર વયના હોવાનું સામે આવ્યું છે. આમ, નાની ઉંમરે વિદ્યાર્થીઓ નશાના રવાડે ચડ્યા હોવાનું સામે આવ્યું છે.રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામ ખાતે ફાર્મ હાઉસમાં રેઈડ પાડીને સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓને દારૂની મહેફિલ માણતા ઝડપી પાડવામાં આવ્યા છે. નવ સગીર વયના વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૪ જેટલા વિદ્યાર્થીઓને દારૂની મહેફીલ માણતા ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ૮,૮૯૨ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ કબજે કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પુખ્ત વયના વિદ્યાર્થીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં તીર્થ પટેલ, દેવાંશ પટેલ, કરંજ પટેલ, ધ્વનિલ જૈન, આસ્વત દરજી સહિતના વિદ્યાર્થીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. તમામ ૧૪ સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ રાજકોટ શહેરના પોર્સ એરિયામાં રહેતા હોવાનું સામે આવ્યું છે.સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીએસઆઈ બી.સી.મિયાત્રા વાતચીતમા જણાવવામાં આવ્યું હતું કે, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમને ચોક્કસ રાહથી બાતમી મળી હતી કે, ગુંદાસરા ગામની સીમમાં અરડોઈ રોડ ઉપર વિપુલ ખુંટ નામના વ્યક્તિના ફાર્મ હાઉસમાં કેટલાક વ્યક્તિઓ દારૂની મહેફિલ મળી રહ્યા હોય તે પ્રકારની બાતમી મળી હતી. જે બાતમીના આધારે ફાર્મ હાઉસ ખાતે પહોંચતા કેટલાક યુવાનો દારૂની બોટલો સાથે તેમજ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. ઝડપાયેલા ૧૪ વ્યક્તિઓ પૈકી નવ વ્યક્તિઓ સગીર વયના હોવાનું તેમજ ધોરણ ૧૨માં અભ્યાસ કરતા હોવાનું સામે આવ્યું છે. સગીર વયના જે બાળકો ઝડપાયા છે તેમાંથી મોટાભાગના રાજકોટ શહેરની નામાંકિત શાળામાં અભ્યાસ કરતા હોવાનું સામે આવ્યું છે.લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ વિજય ઓડેદરાના જણાવ્યા અનુસાર ૮૦૦૦થી વધુ ની કિંમતની દારૂની બોટલ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ત્યારે દારૂની મહેફિલ માણી રહેલા સગીરવયના બાળકો તેમજ કોલેજીયન વિદ્યાર્થીઓ પાસે દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો તે સહિતની બાબતો અંગે તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ગુજરાતી યુવકની અમેરિકામાં ધરપકડ નોકરીની લાલચમાં જેલમાં જ્વું પડ્યું

● આણંદ,તા.૨૮

આણંદનો એક યુવાન અમેરિકામાં માસ્ટર્સ ઓફ સાયન્સનો અભ્યાસ કરવા ગયો હતો. પરંતું જોબ કરતા સારી આવકની લાલચમાં યુવક અજાણતા એક પાર્ટ ટાઈમ જોબના એવા ષડયંત્રમાં ફસાયો કે પરિવાર સાથે સંપર્ક કરવાનો પણ મોકો ન મળ્યો. હાલ ગુજરાતમાં રહેતો તેનો પરિવાર ચિંતામાં મૂકાયો છે. પરિવારે રાજ્ય અને કેન્દ્ર સરકારને દીકરાને પરત ભારત લાવવા માંગ કરી રહ્યો છે. શું છે સમગ્ર મામલો જાણીએ આજના વિશેષ અહેવાલમાંવર્ષ ૨૦૨૨માં માસ્ટર્સ ઓફ સાયન્સનો અભ્યાસ કરવા મૂળ સારસાનો જય પ્રજાપતિ અમેરિકા ગયો હતો. ત્યારે પરિવારે પોતાના યુવા દીકરાના ઉજ્જવળ ભવિષ્યને લઈને ખુશ ખુશાલ હતો, અને તેના માટે પોતાની આખી જિંદગીની બચતમાંથી ૪૦ લાખ જેટલા રૂપિયાના ખર્ચે મોકલી આપ્યો હતો. થોડા સમય સુધી જય પરિવાર સાથે સતત સંપર્કમાં રહેતો હતો, કોલેજમાં અભ્યાસમાં પણ ૩ સેમિસ્ટર સુધી સરસ અભ્યાસ કર્યો અને ત્રીજા સેમિસ્ટરમાં કોલેજમાં ફેલ થઈ જતા કોલેજ બદલવા પરિવારને જણાવ્યું હતું. ત્યાર બાદ પરિવારની સહમતિ સાથે જય પ્રજાપતિએ અન્ય રાજ્યમાં એડમિશન લીધું અને અભ્યાસ પુનઃ શરૂ કર્યો. આ સાથે જ તેને ત્યાં પિક અપ ડ્રોપ કરવા માટેની જોબ મળી. ખૂબ ઉત્સાહ સાથે અભ્યાસ સાથે જોબ કરવા પોહચેલા જયને ક્યાં ખબર હતી કે તે કોઈ ષડયંત્રનો ભોગ બની જવાનો છે.એક પાર્સલ પિક અપ કરી બીજુ પાર્સલ પિક અપ કરવા પહોંચ્યો ત્યાં જ તે એકાએક ત્યાંની પોલીસ આવી અને જય પ્રજાપતિને ઝડપી પાડ્યો હ.તો સમગ્ર બનાવમાં પોલીસની તપાસમાં જય પાસે રહેલ પાર્સલમાં ૪૫ હજાર અમેરિકન ડોલર રોકડા નીકળ્યા હતા. આ જોતા જ જય અને પોલીસ ચોંકી ગયા હતા. ત્યારબાદ પોલીસે જય પર આરોપ લગાવવામાં આવ્યો હતો કે તે જે જગ્યાએ ઝડપાયો છે ત્યાં તે ૬૦ હજાર ડોલરથી ભરેલું બેગ લેવા આવ્યો છે. જયે પોલીસને જણાવ્યું કે તે પોતે પાર્સલ પિકઅપનું કામ કરે છે, અને તેની પાસે અન્ય પાર્સલ પણ પિક અપ કરેલું છે. તેમ કહીને પોલીસને બતાવતા તેમાંથી ૪૫ હજાર ડોલર નીકળતા પોલીસે તેને ઝડપી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ અમેરિકન સરકાર, પોલીસ કે એમ્બેસી ધ્વારા જયના પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો નથી.

રાજકોટંમાં આજીડેમ પાસે દીવાલ ધરાશાયી થતા માતા-પુત્રનું મોત

● રાજકોટ,તા.૨૮

રાજકોટમાં આજીડેમ પાસે દીવાલ ધરાશાયી થવાની ઘટના બની હતી જેમાં માતા-પુત્રનું ઘટના સ્થળે મોત થયું છે,ઘટનાની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી કરી હતી પરંતુ માતા-પુત્રને સારવાર મળે તે પહેલા જ તેમનું મોત થયું હતુ. શેડનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન આ ઘટના બની હતી,સુરભી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આ બનાવ બન્યો હતો.

સમગ્ર ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી તપાસ હાથધરી હતી,આસપાસના લોકોનું નિવેદન નોંધ્યું હતુ અને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો હતો સાથે સાથે કંઈ રીતે અચાનક દીવાલ ધરાશાયી થઈ તેને લઈ ફ્જીન્ની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી સાથે સાથે મૃતદેહનું પીએમ થશે ત્યારબાદ પરિવારજનોનેમૃતદેહ સોંપવામાં આવશે.

દીવાલ ધરાશાયી થવાની ઘટનાઓ અનેક વખત બને છે,વરસાદના સમયે પાણીના કારણે દીવાલ પલડી જાય છે અને ભેજ સ્વરૂપે તે દીવાલ સુધી પહોંચી જાય છે અને અંદર રહેલી ઈંટને તે પોલી ખાય છે એટલે કે જે બાંધકામ કર્યુ હોય તે નબળુ પડી જાય છે અને દીવાલમાં તિરાડ પડવાની ઘટના બનતી હોય છે જેમ જેમ તિરાડ મોટી થતી જાય છે તેમ તેમ ફાંટા પડતા જાય છે અને આખરે દીવાલ અચાનક ધરાશાયી થાય છે જેના કારણે ઘરને અને ઘરમાં રહેલા વ્યકિતઓને નુકસાન થતું હોય છે.

વરસાદને લઈ ખાસ બજેટ સરકાર દ્વારા મહાનગરપાલિકા અને નગરપાલિકાને ફાળવવામાં આવતું હોય છે.ચોમાસામાં લોકોને તકલીફ ના પડે તે માટે વરસાદી પાણીની પાઈપલાઈન પણ નાંખવામાં આવતી હોય છે,ત્યારે નગરપાલિકા દ્વારા જર્જરીત મકાનોનો સરવે પણ કરવામાં આવતો હોય છે,ત્યારે આ સરવે થયો નહી હોય તેવું દેખાઈ આવે છે,ઘટના બન્યા પછી તંત્ર દોડે તો શું કામનું.

ઘોર કળિયુગ! હનુમાન ચાલીસાનો પાઠ સાંભળવા ગયેલી બાળા સાથે દુષ્કર્મ

● સુરત,તા.૨૮

સુરતના પાંડેસરામાં બાળકી સાથે દુષ્કર્મ આચરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. પાંડેસરા રામજી મંદિરમાં બાળકી માતા સાથે ગઈ હતી. માતા નાના બાળકને ઘરે મુકવા જતા બાળકી મંદિરમાં એકલી હતી. મંદિરમાં સૂતી બાળકીને ૪૬ વર્ષે નરાધમ આરોપી ઊંચકીને લઈ ગયો હતો. માતાએ તાત્કાલિક ઘટનાની પાંડેસરા પોલીસને જાણ કરી હતી. પોલીસે આરોપી યુપીવાસી મનોહર આરોપીને પકડી પાડ્યો છે.

સુરતનાં પાંડેસરામાં લક્ષ્મીનગરમાં આવેલા રામજી મંદિરમાં ગઈ રાત્રે હનુમાન ચાલીસાનો પાઠ સાંભળવા ગયેલી બિહારી પરિવારની મહિલાનો પુત્ર રડતો હોવાથી ઘરે મૂકવા ગઈ હતી. તે દરમિયાન અજાણ્યો આધેડ તેની ત્રણ વર્ષની બાળાને લઈ ભાગી ગયો હતો. જે બનાવની જાણ થતા પાંડેસરા પોલીસ તથા ક્રાઈમ બ્રાંચ સહિતનાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા ભારે જહેમત બાદ ગણતરીનાં સમયમાં આધેડને બાળકી સાથે પકડી પાડયો હતો. બાદમાં આધેડની વધુ પૂછપરછ કરતાં તેણે બાળકીના ગુપ્તાંગમાં અડપલા કર્યા હોવાનું જણાવ્યું હતું.પોલીસે આધેડ વિરૂદ્ધ બળાત્કાર અને અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત શહેરનાં પાંડેસરા જૂના બમરોલી વિસ્તારમાં રહેતા બિહારી પરિવારની પરિણીતા ગઈ રાત્રે ૮ માસનાં પુત્ર અને ૩ વર્ષની પુત્રી સાથે લક્ષ્મીનગર ખાતે આવેલાં રામજી મંદિરમાં હનુમાન ચાલીસાનો પાઠ સાંભળવા ગઈ હતી. દરમિયાન પુત્ર ખૂબ રડતો હોવાથી તેને ઘરે મુકી પરત થઈ હતી. પુત્રીની એકલતાનો લાભ લઈ એક આધેડ તેને ઉપાડી લઈ ગયો હતો. બાદ તેના ઘરે લઈ જઈ આધેડે કિશોરીનાનાં ગુપ્તાંગમાં અડપલાં કર્યા હતા. બીજી તરફ માતા દ્વારા મંદિરનાં પુજારીને પુત્રી વિશે પુછતાં તેમનાં પતિ લઈ ગયા હોવાનું જણાવ્યું હતું. જેથી પતિ નો સંપર્ક કરતા તેમણે આ બાબતે કંઈ જાણ નહીં હોવાનું કહ્યું હતું. જેથી માતા અને સાથનિકો દ્વારા બાળકીની શોધ શરૂ કરી હતી.

બાળકી નહીં મળતાં સ્થાનિકોએ પાંડેસરા પોલીસને જે મામલે જાણ કરી હતી. જેથી પાંડેસરા પોલીસ નો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પાંડેસરા પીઆઈ ઘટનાની ગંભીરતા લઈ કંટ્રોલને જાણ કરતા ડીસીપી એસીપી સહિતનો પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બાળકીની સીસીટીવીના આધારે શોધ ખોળ શરૂ કરી હતી.જે દરમિયાન રાત્રિનાં ૧૧ વાગ્યાનાં અરસામાં હવસખોરે પોતાનું પાપ છુપાવવા બાળકીનાં પરિવાર સુધી પહોંચાડવાનું તરકટ કરી બાઈક પર જતી વેળા પોલીસે તેને ઝડપી પાડયો હતો. જો કે તેનાં દ્વારા ખોટી વિગત જણાવી પોતાને નિર્દોષ સાબીત કરવા પોલીસને ગુમરાહ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ, બાળાને સમજાવટથી પુછતાં સમગ્ર હકીકત સામે આવી હતી.

બનાવ મામલે પાંડેસરા પોલીસ દ્વારા બાળકીની માતાની ફરિયાદ લઈ હવસખોર વિરુદ્ધ બળાત્કાર તથા પોકસો અંતર્ગત ગુનો નોંધી ૪૮ વર્ષીય આરોપી પ્રમોદકુમાર દુધનાથ ગૌડની ધરપકડ કરી છે. આરોપી પાંચ સંતાનનો પિતા છે. ખાનગી કંપનીમાં નોકરી કરતો કરે છે. મૂળ ઉત્તર પ્રદેશનું વતની છે હાલ શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલ ગીતા નગર બે તેરેનામ રોડ ખાતે રહેતો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતી યુવકની અમેરિકામાં ધરપકડ નોકરીની લાલચમાં જેલમાં જ્વું પડ્યું

● આણંદ,તા.૨૮

આણંદનો એક યુવાન અમેરિકામાં માસ્ટર્સ ઓફ સાયન્સનો અભ્યાસ કરવા ગયો હતો. પરંતું જોબ કરતા સારી આવકની લાલચમાં યુવક અજાણતા એક પાર્ટ ટાઈમ જોબના એવા ષડયંત્રમાં ફસાયો કે પરિવાર સાથે સંપર્ક કરવાનો પણ મોકો ન મળ્યો. હાલ ગુજરાતમાં રહેતો તેનો પરિવાર ચિંતામાં મૂકાયો છે. પરિવારે રાજ્ય અને કેન્દ્ર સરકારને દીકરાને પરત ભારત લાવવા માંગ કરી રહ્યો છે. શું છે સમગ્ર મામલો જાણીએ આજના વિશેષ અહેવાલમાંવર્ષ ૨૦૨૨માં માસ્ટર્સ ઓફ સાયન્સનો અભ્યાસ કરવા મૂળ સારસાનો જય પ્રજાપતિ અમેરિકા ગયો હતો. ત્યારે પરિવારે પોતાના યુવા દીકરાના ઉજ્જવળ ભવિષ્યને લઈને ખુશ ખુશાલ હતો, અને તેના માટે પોતાની આખી જિંદગીની બચતમાંથી ૪૦ લાખ જેટલા રૂપિયાના ખર્ચે મોકલી આપ્યો હતો. થોડા સમય સુધી જય પરિવાર સાથે સતત સંપર્કમાં રહેતો હતો, કોલેજમાં અભ્યાસમાં પણ ૩ સેમિસ્ટર સુધી સરસ અભ્યાસ કર્યો અને ત્રીજા સેમિસ્ટરમાં કોલેજમાં ફેલ થઈ જતા કોલેજ બદલવા પરિવારને જણાવ્યું હતું. ત્યાર બાદ પરિવારની સહમતિ સાથે જય પ્રજાપતિએ અન્ય રાજ્યમાં એડમિશન લીધું અને અભ્યાસ પુનઃ શરૂ કર્યો. આ સાથે જ તેને ત્યાં પિક અપ ડ્રોપ કરવા માટેની જોબ મળી. ખૂબ ઉત્સાહ સાથે અભ્યાસ સાથે જોબ કરવા પોહચેલા જયને ક્યાં ખબર હતી કે તે કોઈ ષડયંત્રનો ભોગ બની જવાનો છે.એક પાર્સલ પિક અપ કરી બીજુ પાર્સલ પિક અપ કરવા પહોંચ્યો ત્યાં જ તે એકાએક ત્યાંની પોલીસ આવી અને જય પ્રજાપતિને ઝડપી પાડ્યો હ.તો સમગ્ર બનાવમાં પોલીસની તપાસમાં જય પાસે રહેલ પાર્સલમાં ૪૫ હજાર અમેરિકન ડોલર રોકડા નીકળ્યા હતા. આ જોતા જ જય અને પોલીસ ચોંકી ગયા હતા. ત્યારબાદ પોલીસે જય પર આરોપ લગાવવામાં આવ્યો હતો કે તે જે જગ્યાએ ઝડપાયો છે ત્યાં તે ૬૦ હજાર ડોલરથી ભરેલું બેગ લેવા આવ્યો છે.

Styrenix Performance Materials Limited

(formerly known as Ineos Styrolution India Limited)

CIN : L25200GJ1973PLC002436

Registered Office : 9th Floor, "Shiva", Sarabhai Complex, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi,, Vadodara - 390 023, Gujarat, India.
Tele : +91 265-2303201 / 02 **E-Mail :** secshare@styrenix.com **Website :** www.styrenix.com

(INR in Crores)

STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEP 30, 2024

	Particulars	For the Quarter ended			For the Half Year Ended		For the year ended
		Sep 30, 2024 (Unaudited)	Jun 30, 2024 (Unaudited)	Sep 30, 2023 (Unaudited)	Sep 30, 2024 (Unaudited)	Sep 30, 2023 (Unaudited)	Mar 31, 2024 (Audited)
I	Revenue from operations	653.22	698.71	595.00	1,351.93	1,138.77	2,222.17
II	Other income	6.36	2.48	3.03	8.84	5.14	9.26
III	**Total income (I+II)**	**659.58**	**701.19**	**598.03**	**1,360.77**	**1,143.91**	**2,231.43**
IV	**Expenses**						
	Cost of materials consumed	508.34	554.17	428.06	1,062.51	855.61	1,666.53
	Changes in inventories of finished goods and work-in-progress	(29.92)	(23.41)	8.39	(53.33)	0.86	(4.28)
	Employee benefits expense	16.89	16.77	16.25	33.66	32.90	67.20
	Other expenses	59.11	61.46	59.47	120.57	115.63	229.19
	Total expenses (IV)	**554.41**	**608.99**	**512.17**	**1,163.40**	**1,005.00**	**1,958.64**
V	**PBDIT : Profit before Depreciation, Interest and Tax expense (III-IV)**	**105.17**	**92.20**	**85.86**	**197.37**	**138.91**	**272.79**
VI	Finance Costs	0.86	0.61	0.72	1.47	1.46	2.76
VII	**PBDT : Profit before Depreciation and Tax expense (V-VI)**	**104.31**	**91.59**	**85.14**	**195.90**	**137.45**	**270.03**
VIII	Depreciation and amortisation expense	9.91	9.34	9.22	19.25	18.32	36.78
IX	**Profit before tax (VII-VIII)**	**94.40**	**82.25**	**75.92**	**176.65**	**119.13**	**233.25**
X	**Tax expense**						
	Current tax	24.62	21.80	19.74	46.42	31.12	61.60
	Deferred tax charge / (credit)	(0.32)	(0.75)	(0.24)	(1.07)	(0.85)	(1.51)
	Total tax expense (X)	**24.30**	**21.05**	**19.50**	**45.35**	**30.27**	**60.09**
XI	**Profit for the Period / Year (IX-X)**	**70.10**	**61.20**	**56.42**	**131.30**	**88.86**	**173.16**
XII	**Other comprehensive income** **Items that will not be reclassified to profit or loss** Remeasurements of defined benefit plans - (Loss) / Gain	(0.23)	0.04	(0.08)	(0.19)	0.13	0.16
	Income tax relating to remeasurements of defined benefit plans	0.06	(0.01)	0.02	0.05	(0.03)	(0.04)
	Total other comprehensive income, net of tax (XII)	**(0.17)**	**0.03**	**(0.06)**	**(0.14)**	**0.10**	**0.12**
XIII	**Total comprehensive income for the Period / Year (XI+XII)**	**69.93**	**61.23**	**56.36**	**131.16**	**88.96**	**173.28**
XIV	Paid-up equity share capital (Face value of the share : INR 10)	17.59	17.59	17.59	17.59	17.59	17.59
XV	**Other Equity**				**787.08**	**743.91**	**705.15**
XVI	**Earnings per share (Not annualised)** Nominal value per equity share of INR 10 each						
	Basic and Diluted (INR)	**39.86**	**34.80**	**32.08**	**74.66**	**50.53**	**98.47**

EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEP 30, 2024

	Particulars	For the Quarter ended			For the Half Year Ended		For the year ended
		Sep 30, 2024 (Unaudited)	Jun 30, 2024 (Unaudited)	Sep 30, 2023 (Unaudited)	Sep 30, 2024 (Unaudited)	Sep 30, 2023 (Unaudited)	Mar 31, 2024 (Audited)
1	Total Income from Operations	659.58	701.19	598.03	1,360.77	1,143.91	2,231.43
2	PBDIT : Profit before Depreciation, Interest and Tax expense	105.17	92.20	85.86	197.37	138.91	272.79
3	Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items)	94.40	82.25	75.92	176.65	119.13	233.25
4	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items)	94.40	82.25	75.92	176.65	119.13	233.25
5	Net Profit / (Loss) for the period after tax (after Exceptional items)	70.10	61.20	56.42	131.30	88.86	173.16
6	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	69.93	61.23	56.36	131.16	88.96	173.28
7	Equity Share Capital	17.59	17.59	17.59	17.59	17.59	17.59
8	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	787.08	743.91	705.15
9	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	39.86	34.80	32.08	74.66	50.53	98.47

Notes:

1. The Company has incorporated Wholly Owned Subsidiary "Styrenix Performance Materials FZE" in JAFZA, Dubai UAE on Sep 10, 2024. During the quarter and half year ended Sep 30, 2024, no transactions have been carried out in wholly owned subsidiary.
2. The above consolidated statements were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on October 28, 2024. The statutory auditor have expressed unmodified conclusion on the aforesaid results.
3. The Company operates in "Engineering Polymers" which in the context of IND AS 108 Operating segments constitutes a single reportable business segment.
4. The financial results of the Company have been prepared in accordance with Indian Accounting ("Ind AS") notified under Section 133 Of the Companies Act 2013 ('Act') read with Companies (Indian Accounting Standards) Rules, 2015, as amended.

For Styrenix Performance Materials Limited
(formerly known as Ineos Styrolution India Limited)
Rakesh S Agrawal
Chairman
DIN : 00057955

Place : Vadodara
Date : October 28, 2024

SHAILY Engineering Plastics Ltd.

CIN :L51900GJ1980PLC065554
Registered Office : Survey No.364 / 366,
At & PO : Rania, Taluka : Savli, Dist : Vadodara - 391 780.
Email : investors@shaily.com **Website :** www.shaily.com

Statement of Unaudited Consolidated Financial Results for the Quarter and Half Year ended 30th September, 2024

(Rs. in Lakhs)

Sr No	Particulars	3 months ended 30/09/2024	Half year ended 30/09/2024	Corresponding 3 months ended 30/09/2023 in the previous year	Year ended 31/03/2024 in the previous year
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total Income from Operations	19,304.74	37,314.56	16,054.00	65,036.31
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and Extraordinary items)	2,653.12	4,816.48	1,414.24	6,984.71
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and Extraordinary items)	2,653.12	4,816.48	1,414.24	6,984.71
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and Extraordinary items)	2,192.30	3,933.27	1,082.54	5,729.06
5	Total other Comprehensive Income for the period after tax	2,175.69	3,908.21	944.39	5,667.75
6	Equity Share Capital	917.35	917.35	917.35	917.35
7	Reserves excluding Revaluation Reserves as per Audited Balance Sheet of the previous accounting year				44,999.93
8	Earnings Per Share (of Rs. 2/- each) (not annualised)				
	Basic	4.78	8.58	2.36	12.49
	Diluted	4.77	8.55	2.36	12.49

Statement of Unaudited Standalone Financial Results for the Quarter and Half Year ended 30th September, 2024

(Rs. in Lakhs)

Sr No	Particulars	3 months ended 30/09/2024	Half year ended 30/09/2024	Corresponding 3 months ended 30/09/2023 in the previous year	Year ended 31/03/2024 in the previous year
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total Income from Operations	18,058.02	35,097.63	15,872.12	62,246.61
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and Extraordinary items)	1,807.22	3,207.83	1,317.11	4,868.63
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and Extraordinary items)	1,807.22	3,207.83	1,317.11	4,868.63
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and Extraordinary items)	1,346.39	2,324.62	985.41	3,612.98
5	Total other Comprehensive Income for the period after tax	1,135.94	2,098.84	894.68	3,475.16
6	Equity Share Capital	917.35	917.35	917.35	917.35
7	Reserves excluding Revaluation Reserves as per Audited Balance Sheet of the previous accounting year				42,230.89
8	Earnings Per Share (of Rs. 2/- each) (not annualised)				
	Basic	2.94	5.07	2.15	7.88
	Diluted	2.93	5.05	2.15	7.88

Notes :

1 The above financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in their respective meetings held on October 28, 2024. The Statutory Auditors of the Company have carried out a limited review of the said results.

2 The above unaudited financial results of the Company have been prepared in accordance with the Indian Accounting Standards (IND AS) prescribed under section 133 of the Companies Act, 2013 (the "Act") read with relevant rules issued thereunder, other accounting principles generally accepted in India and guidelines issued by the Securities and Exchange Board of India.

3 The Board of Directors at its meeting held on September 02, 2023, recommended the sub-division of Equity Shares of face value of ₹ 10/- each into Equity Shares of face value of ₹ 2/- each. The Company had fixed November 23,2023, as the record date for the purpose of sub-division of Equity Shares. The Basic and diluted EPS for the prior periods of Standalone Financial Statements have been restated considering the face value of ₹ 2/- each in accordance with IND AS 33 -"Earnings per Share".

4 Nomination and Remuneration Committee of the Company at their meeting held on August 08, 2023 has approved grant of 51,100 Stock Options (Post subdivision : 2,55,500 stock options) to the Eligible Employees of the Company under the ESOP Plan 2019 with grant date as October 01, 2023. Further Nomination and Remuneration Committee of the Company at their meeting held on February 13, 2024 has approved grant of 11,000 Stock Options to the Eligible Employees of the Company under the ESOP Plan 2019 with grant date as February 14, 2024.

5 In accordance with 'Ind AS 108 - Operating Segments', the Company operates in one business segment i.e. 'Manufacturing of customised components of plastic and other materials'.

For and on behalf of the Board of Directors
For Shaily Engineering Plastics Limited
Mahendra Sanghvi
Executive Chairman
DIN : 00084162

Place : Vadodara
Date : October 28, 2024